## પંચદેવ મંદિરે ૨૮મીએ તુલસી વિવાહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

સુપ્રસિધ્ધ પંચદેવ મંદિરમાં તા. ૨૮મી નવેમ્બરે દેવદિવાળીના દિવસે ધામધૂમથી તુલસી વિવાહનું આયોજન કરેલ છે. આ મહોત્સવમાં સહભાગી થઈ નામ નોંધાવવા પંચદેવ મંદિરે શ્રી નીલકંઠ શાસ્ત્રીનો મો. નં. ૯૯૨૫૦૭૯૭૦૭ સંપર્ક સાધવા જણાવેલ છે.

## સેકટર-૨ પેન્શનર્સ સમાજનું ૨૭મીએ સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સેકટર-૨માં નિવાસ કરતાં પેન્શનર મિત્રોનું સ્નેહમિલન તા. ૨૭મી નવેમ્બરે સાંજે પાંચ વાગે સરકારી દવાખાના સામેનાં બગીચામાં યોજાશે. પ્રચારમંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

## જાણીતા પત્રકાર જતીન કોઠારીના પિતાશ્રી ઈન્દ્રવદનભાઈ કોઠારીનું અવસાન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના જાણીતા પત્રકાર જતીનભાઈ કોઠારી અને વિપુલભાઈ (જીઈબી, વણાકબોરી)નાં પિતા સ્વ. ઈન્દ્રવદનભાઈ કાંતિલાલ કોઠારીનું અઢી માસની લાંબી માંદગી બાદ આજે અવસાન થવા પામ્યું છે. સ્વ. ઈન્દ્રવદનભાઈ કોઠારીનું બેસણું ૨૫ નવેમ્બરે, રવિવારે સાંજે ૪ થી ૫.૩૦, મહાત્મા મંદિર પાછળ, પ્લોટ નં. ૧૧/૨, સેકટર-૧૪, ગાંધીનગર ખાતે નિવાસસ્થાને રાખેલ છે.

## હિન્દી નિબંધ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું

ગાંધીનગર, તા. ૨૪

બેંક ઓફ બરોડા દ્વારા આયોજિત હિન્દી દિવસ નિમિત્તે હિન્દી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં અમદાવાદ શહેર ક્ષેત્ર ૮૦ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં ઉત્સાહભેર બેંકના કર્મચારીઓ જોડાયા હતા.

આ નિબંધ સ્પર્ધામાં ગાંધીનગર આઈ.ટી. સેન્ટરમાં ફરજ બજાવતા મનીષાબેન ત્રિપાઠીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. આ બદલ બેંકા ઉચ્ચ અધિકારીઓએ તેમને પ્રશસ્તિ પત્ર એનાયત કર્યું હતું.

## આજે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના નિવાસી મહેન્દ્રભાઈ રાવલ અને તેમના પરિવારે આજે તા. ૨૫મી નવેમ્બર-૨૦૧૨ને રવિવારે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદના ગરબાનું આયોજન કર્યું છે. માઈ ભક્ત ભાવનાબેન ગોકલાણીના સાનિધ્યમાં પ્લોટ નં. ૧૦૧૮/૨, ઓમકારેશ્વર મહાદેવ પાસે, સેક્ટર-૪-એ, ગાંધીનગર ખાતે આજે આનંદનો ગરબો યોજાશે. ભક્તજનોને આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા ખાસ જણાવાયું છે.

## આજે કલોલ તાલુકા પેન્શનર મંડળનો રજત જયંતિ અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

કલોલ તાલુકા પેન્શનર મંડળ દ્વારા આજે તા. ૨૫મી નવેમ્બર ૨૦૧૨ને રવિવારે જૈનવાડી, કલોલ ખાતે મંડળની રજત જયંતિ મહોત્સવ સ્નેહમિલન કાર્યક્રમ અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે.

પેન્શનર મંડળ દ્વારા યોજાનાર રજત જયંતિ મહોત્સવ અને સ્નેહ મિલન કાર્યક્રમમાં રાજય તથા જિલ્લાના પદાધિકારી ધનજીભાઈ પટેલ અને કે.બી. વ્યાસ ખાસ હાજર રહી સૌને માર્ગદર્શન આપશે.

આ પ્રસંગે દાતાઓ અને જાહેરાતો આપનાર સ્નેહીજનોનું સન્માન કરવામાં આવશે. સોવિનેયરનું વિમોચન નરેન્દ્રસિંહ વાઘેલા કરશે. આ પ્રસંગે ભોજન દાતા સાગરભાઈ દેસાઈ તથા આશીર્વચન માટે મહંત દિલીપગીરી ખાસ ઉપસ્થિત રહેશે. સમારંભના પ્રમુખ અમૃતભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે ત્રિકમલાલ પ્રજાપતિ, રૂપેશભાઈ પ્રહલાદભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, પંકજભાઈ પ્રજાપતિ, ડૉ. રસિકભાઈ પ્રજાપતિ, મિતેશભાઈ પટેલ અને જશુભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહેશે. પેન્શનર મંડળના આ કાર્યક્રમમાં સૌ પેન્શનર્સને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.



ગાંધીનગરના જુના સેકટરોમાં રંગમંચની હાલત દયાજનક બની રહી છે. સેકટર-૨૮ના રંગમંચનો ઉપયોગ ક્રિકેટ રમવામાં સેકટરના બાળકો કરી રહ્યા છે. રંગમંચનો કેટલોક ભાગ તૂટી ગયો છે. યોગ્ય માવજતના અભાવે રંગમંચની સ્થિતિ વિચિત્ર બનતી જાય છે. (તસવીર : દિપક જાની)

## ગાંધીનગર ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની બેઠક મળી

ગાંધીનગર, તા.૨૪

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગરની કારોબારીની બેઠક તાજેતરમાં સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પી. પરમારના અધ્યક્ષસ્થાને અને સંસ્થાના મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ'ના નિવાસસ્થાને સંપન્ન થઈ હતી.

સભામાં સૌ પ્રથમ તા. ૨૦ ઓકટોબર ૨૦૧૨ના રોજ મળેલ કારોબારી સમિતિની બેઠકની કાર્યવાહી નોંધનું વાંચન મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા કરવામાં આવ્યું હતું તથા સંસ્થાના નામાભિધાન અંગેની માહિતી આપવામાં આવી હતી અને અનુસૂચિત જાતિ/જનજાતિને બઢતીમાં રોસ્ટર લાગુ પાડતા બીલને ટેકો આપવા માટે સમાજવાદી પાર્ટીના પ્રમુખ મુલાયમસિંહ યાદવને લખવામાં આવેલ વિનંતીપત્રનું વાંચન કરવામાં આવ્યું હતું.

૭૦ વર્ષ પૂર્ણ કરતા સંસ્થાના સભ્યોના સન્માન બાબતેની માહિતી એસ.ડી. પરમાર દ્વારા રજૂ કરવામાં આવી હતી. જે મહામંત્રી દ્વારા સાથે રહીને પૂર્ણ કરવાનું નક્કી થયું હતું. સન્માનની તારીખ અને સમારંભના મુખ્ય મહેમાન વગેરેની બાબતો નક્કી કરવા અંગે પ્રમુખ તથા મહામંત્રીને સત્તા આપવામાં આવી હતી. સમારંભ માટે બાબા સાહેબ આંબેડકર હોલનું બુકીંગ કરવાની જવાબદારી ડી.એમ. પરમારને જયારે નામો નક્કી થયા બાદ શાલો ખરીદવાની જવાબદારી મૂળજીભાઈ પરમાર 'દધિ', સોમાભાઈ પરમાર, પાનાચંદ વણકર, વિરચંદભાઈ પરમાર અને ખુશાલભાઈ પરમારને સોંપવામાં આવી છે.

વિરચંદભાઈ બી. પરમારે વ્યવસ્થા બદલ મૂળજીભાઈ પરમારનો સંસ્થાવતી આભાર વ્યકત કર્યો હતો અને બાદમાં સભાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

## જાગૃત નાગરિક પરિષદનો સ્નેહમિલન કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના મહામંત્રી રાજન્દ્રભાઈ પારેખે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, જાગૃત નાગરિક પરિષદના સ્નેહી-મિત્રોનો સ્નેહમિલન કાર્યક્રમ તથા કારોબારી સભા તાજેતરમાં યોજવામાં આવી હતી.

જાગૃત નાગરિક પરિષદના લવજીભાઈ વાડીયાના અધ્યક્ષ સ્થાને નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લેનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં પરિષદના કારોબારી સભ્યો ઉપરાંત પાટનગરના પ્રબુદ્ધ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્નેહ મિલન કાર્યક્રમ સંપન્ન થયા પછી સભાનું કારોબારી બેઠકમાં પરિવર્તન થયું હતું. બેઠકમાં પાટનગરમાંના મિલકત વેરા, સફાઈ તેમજ જંગી ડેન્ગ્યુ મેલેરિયાની વિસ્ફોટક પરિસ્થિતિ સંબધે આક્રોશપૂર્ણ રજૂઆતો થઈ હતી. સભામાં ચર્ચા વિચારણા દરમિયાન લવજીભાઈ વાડીયા, ગજેન્દ્રભાઈ ખારોડ, રવિન્દ્રભાઈ દવે, જયોતિન્દ્રભાઈ દવે, જે.જી. ભટ્ટ, રાજેન્દ્રભાઈ પારેખ, ભાનુભાઈ પુરાણી, સોમાભાઈ પરમાર, રમણલાલ શ્રીમાળી, જે.જે. ત્રિવેદી અને કાનજીભાઈ પટેલે સક્રિય યોગદાન આપ્યું હતું.

# એમ્બ્યુલન્સમાં ઓક્સીજન ખતમ થઈ જતાં દર્દીનું મોત

### છાતીનો અસહ્ય દુઃખાવો શરૂ થઈ જતાં દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલની એમ્બ્યુલન્સમાં અમદાવાદ લઈ જવાતો હતો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીકના એક ગામડામાં રહેતા ૪૦ વર્ષીય દર્દીને ગઈકાલે બપોરે છાતીના ભાગે અસહ્ય દુઃખાવો અને ચક્કર શરૂ થઈ જતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. હાલત ગંભીર હોવાથી તબીબે અમદાવાદ હોસ્પિટલમાં ટ્રાન્સફરની સલાહ આપતા દર્દીને ગાંધીનગર સિવિલની એમ્બ્યુલન્સમાં ટ્રાન્સફર કરાઈ રહ્યા હતા જયાં રસ્તામાં હાંસોલ પાસે દર્દીનું મૃત્યુ નિપજયું હતું. પરિવારજનોનો આક્ષેપ છે કે દર્દીનું મૃત્યુ એમ્બ્યુલન્સમાનું ઓક્સીજન ખતમ થઈ જવાથી થયું હતું.

બપોરના અરસામાં ડભોડા ગામમાં રહેતા ૪૦ વર્ષીય યુવાનને અચાનક પોતાના ઘરે જ ચક્કરો શરૂ થઈ ગયા હતા અને છાતીમાં દુઃખાવો થવા લાગ્યો હતો. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી સારવાર અર્થે તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. પરંતુ તેમની તબિયત નાજુક જણાતાં તબીબે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર થવાની સલાહ આપી હતી. જેને આધારે દર્દીને પરિવારજનોએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની એમ્બ્યુલન્સમાં અમદાવાદ લઈ જવા તૈયારી દર્શાવી ટ્રાન્સફર ફોર્મ ભરીને સાઈન કરી દીધું. અમદાવાદ જતાં રસ્તામાં જ દર્દીનું હાંસોલ પાસે પ્રાણપંખેરૂ ઉડી જવા પામ્યું હતું. જો કે પરીવારજનોનો આક્ષેપ છે કે દર્દીનું મૃત્યુ પુરતો ઓક્સીજન ન મળવાથી થયું છે. એમ્બ્યુલન્સ વાનમાંનો ઓક્સીજન ખતમ થઈ ગયો હતો. જેનાથી દર્દીને જરૂરી ઓક્સીજન મળતા મૃત્યુ થયાનો આક્ષેપ પરીવારજનો કરી રહ્યા છે. એમ્બ્યુલન્સમાં ઓક્સીજન સહીતની તમામ જરૂરી બાબતોનું સમયસર ધ્યાન રાખવામાં આવે છે કે કેમ ? તે એક પ્રશ્નાર્થ આ ઘટના બાદ ઉદ્ભવ્યો છે.

ઉલ્લેખનીય છે કે દર્દીનું મૃત્યુ એમ્બ્યુલન્સમાં ઓકિસજન પુરો થઈ જવાથી થયું હોવાનો પરિવારજનોનો આક્ષેપ સિવિલ સર્જને નકારીને જણાવ્યું હતું કે તે દર્દીને મેજર બ્રેઈન હેમરેજ થયું હતું અને ૨૭૦થી વધુ બ્લડ પ્રેશર પણ હતું. આ ગંભીર પરિસ્થિતિને પગલે ટ્રાન્સફર કરવામાં આવેલા દર્દીને અમદાવાદ હોસ્પિટલ પણ પહોંચાડવામાં આવ્યા હતા પરંતુ ત્યાં કેસ કઢાવતા સમયે કે અન્ય કોઈ રીતે વધુ સમય જતા તથા દર્દીની હાલત પણ ગંભીર હોવાથી તેનું મૃત્યુ થયું હતું. તેમ છતાં દર્દીનું મૃત્યુનું ચોકકસ કારણ બહાર લાવવા પોસ્ટમોર્ટમ કરાવી વિશેરા લઈને એફએસએલ ખાતે મોકલી અપાયા છે.

## ડભોડાની હદમાં આવેલ નર્મદા કેનાલમાં મહિલાની મોતની છલાંગ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક ડભોડા પોલીસ મથકમાં આવેલ નર્મદા કેનાલમાં આજે સાંતેજ ગામની પરિણિતાએ કોઈ અગમ્ય કારણોસર મોતની છલાંગ લગાવી જીવનલીલા શંકેલી લીધી હતી. જે અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ડભોડા પોલીસમથકની હદમાં આવેલ સાબરમતી એસ. કેપ નર્મદા કેનાલમાં આજે સવારે સાંતેજ ગામ તા. કલોલના એક પરિણિતા કાજલબેન ભીખાભાઈ રાવલ કોઈ અગમ્ય કારણોસર પાણીમાં કુદી ગઈ હતી. જેથી ડુબી જવાથી પરિણિતાનું કરૂણ મોત નિપજયું હતું.



(તસવીર : દિપક જાની)

ગાંધીનગરના આરંભકાળે આ કેબીનની બોલબાલા હતી. ગાંધીનગર-અમદાવાદ એસ.ટી. બસ સેવાનો આ કંટ્રોલ પોઈન્ટ હતો. ગાંધીનગરથી આરંભાતી બસ અહીંયાથી શરૂ થતી અને ગાંધીનગર પહોંચતી બસોની નોંધણી આ કેબીન દ્વારા થતી. આ કંટ્રોલ પોઈન્ટના કારણે માહિતી અને રીઝર્વેશન જુના સેકટરના વસાહતીઓને સરળતાથી મળતી હતી. આજે આ કેબીન એક સ્મારકના રૂપે ઉભી છે જયાં કોઈની અવરજવર નથી કે જયાં કોઈ બેસતું નથી.

## મોહરમ નિમિત્તે જિલ્લાભરમાં આજે તાજીયા જુલુસ નીકળશે


### શાંતિપૂર્ણ માહોલમાં દબદબાભેર તાજીયા સંપન્ન થાય તે માટે જરુરી પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેર તેમજ જિલ્લા વિસ્તારમાં મોહરમ નિમિત્તે ઠેર ઠેર મુસ્લિમ સમાજ દ્વારા તાજીયા જુલુસ નિકાળવામાં આવશે. જે અંતર્ગત શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુથી બંદોબસ્ત માટે સ્થાનિક પોલીસને સ્ટેન્ડ ટુના આદેશ આપી દેવામાં આવ્યા છે. તે ઉપરાંત કલોલ શહેર તથા માણસા વિસ્તારમાં સલામતિ શાખામાંથી જરુરી પોલીસ જવાનોની ફાળવણી કરવામાં આવી છે.

ગાંધીનગર તાલુકામાં શહેર ઉપરાંત પેથાપુર, છાલા, પોર, સાદરા, ખોરજ વિસ્તારમાં તાજીયા જુલુસ નીકળશે તે ઉપરાંત દહેગામ તાલુકામાં દહેગામ, બહીયલ, કરોલી, ધારીસણા, બિલમણા તથા કલોલ તાલુકાના કલોલ શહેર, જેઠલજ, રામનગર, છત્રાલ સહિતના ગ્રામ્ય વિસ્તારમાં તાજીયા નિકાળવામાં આવશે અને માણસા તાલુકામાં માણસા ઉપરાંત ઈટાદરા સહિતના વિસ્તારમાંથી તાજીયા જુલુસ નિકાળવામાં આવશે તેમ મુસ્લમ અગ્રણી બાબુભાઈ મનસુરીએ જણાવ્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું છે કે, શહેરના સે-૨૮, સે-૨૪, સે-૨૯ થઈને તાજીયા જુલુસ બપોરે ૩ કલાકે જાહેર માર્ગ ઘ-૬, ઘ-૫, સે-૧૭/૨૨, ચ-૫, સે-૨૧ મસ્જીદ, સે-૨૧ શાક માર્કેટ માર્ગ, સે-૩૦ થઈને તે રૂટ પર તાજીયા નિકાળી સે-૩૦ સર્કલ પર ઠંડા



કરવામાં આવશે. આ તાજીયા જુલુસનું વિવિધ સંસ્થાઓ તથા અગ્રણીઓ દ્વારા ઠેર ઠેર સ્વાગત કરવામાં આવશે. શાંતિપૂર્ણ માહોલમાં જિલ્લાભરમાં દબદબાભેર નિકળનાર તાજીયા જુલુસ સંપન્ન થાય તે હેતુથી પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સંવેદનશીલ વિસ્તાર ગણાતા કલોલ શહેર તથા માણસા ખાતે સચિવાલયમાંથી સલામતી શાખાના પોલીસને બંદોબસ્તમાં મુકવામાં આવ્યા છે.

## સે.૧૧ અખબાર ભવન સામે ત્વરીત બમ્પ બનાવવા રજૂઆત

### બમ્પના અભાવે આંતરિક માર્ગ પર રોજબરોજ નાનામોટા અકસ્માતો

ગાંધીનગર, તા. ૨૪

સેકટર-૧૧ સ્થિત અખબાર ભવન નજીકના ચાર રસ્તા પાસે બમ્પના અભાવે માર્ગ સલામતી જોખમાઈ છે. રોજબરોજ નાનામોટા અકસ્માતો સર્જાતા આ જગ્યાએ તાત્કાલિક અસરથી બમ્પ બનાવાની પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોની યોગ્ય દરકાર ન લેવાતા શહેરનાં મુખ્ય માર્ગો સહિત આંતરિક વિસ્તારમાં પણ રોડ સેફટી જોખમાઈ છે. મુખ્ય માર્ગો પર ટ્રાફિક નિયમનનાં અભાવ વચ્ચે બેફામ દોડતાં વાહનો ઘણીવાર જાનલેવા અકસ્માત સર્જે છે. આવા સંજોગોમાં મુખ્ય માર્ગો પર વાહનોનાં ગતિ - નિયંત્રણની વાત પણ વિસરાઈ છે. બીજી તરફ જરૂરી ઠેકાણે બમ્પ ન હોવાથી માર્ગ સલામતી વધુ જોખમાતી હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. સેકટર-૧૧ સ્થિત અખબાર ભવન આસપાસનાં વિસ્તારમાં પણ બમ્પના અભાવે બેફામ જતાં વાહન ચાલકો અકસ્માતનો ભોગ બને છે. અખબાર ભવન પાસે આવેલ ચાર રસ્તા પર રોજબરોજ અકસ્માતો થતાં આ સ્થળે પૈડા પરની જિંદગી વધુ જોખમી બની છે.

આ જગ્યાએ રોડ સેફટીને ધ્યાને લઈ અકસ્માતો નિવારવા ત્વરીત અસરથી બમ્પ બનાવવા પાટનગર યોજના વિભાગના તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. નજીકમાં જ કોમર્શિયલ કોમ્પલેક્ષો સ્થિત હોવાથી વાહન ચાલકોની અવરજવરના લીધે આંતરિક માર્ગ પર ટ્રાફિકનું ધમધમાટ જોવા મળે છે. આવા સંજોગોમાં વાહનોની ગતિ નિયંત્રણમાં રાખવા બમ્પ બનાવાની તાતી અનિવાર્યતા ઊભી થઈ હોવાની લાગણી પ્રબળ બની છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૩

સૂર્યાસ્ત : ૬.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૨.૮ ડિ.સે.

લઘુત્તમ : ૧૨.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૩ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

સન ઑફ સરદાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

જબ તક હૈ જાન : ૧૨.૦૦, ૩.૩૦, ૯.૩૦

લાઈફ ઑફ પાઈ (અંગ્રજી) : ૭.૦૦

: સ્ક્રીન-૩ :

જબ તક હૈ જાન : ૧૦.૦૦, ૬.૩૦

લાઈફ ઑફ પાઈ (હિન્દી) : ૧.૧૫, ૪.૦૦ ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

સન ઑફ સરદાર : ૧૧.૩૦, ૫.૩૦

જબ તક હૈ જાન : ૨.૧૫, ૮.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

લાઈફ ઑફ પાઈ(હિન્દી) : ૯.૪૫, ૫.૪૫, ૧૦.૩૦

થુપાક્કી : ૧૨.૧૫

ટ્વાલાઈટ : ૩.૩૦, ૮.૧૫

: સ્ક્રીન-૨ :

જબ તક હૈ જાન : ૧૧.૦૦, ૫.૩૦

સન ઑફ સરદાર : ૨.૩૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :

સન ઑફ સરદાર : ૯.૩૦, ૩.૪૫, ૧૦.૧૫

જબ તક હૈ જાન : ૧૨.૧૫, ૬.૩૦

: સ્ક્રીન-૪ :

જબ તક હૈ જાન : ૯.૦૦, ૩.૧૫, ૯.૩૦

સન ઑફ સરદાર : ૧૨.૩૦, ૬.૪૫

### સૂર્યા, વાવોલ

સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રિત શાયબા ન ભુલાય: ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

સન ઑફ સરદાર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

જબ તક હૈ જાન : ૧૦.૩૦, ૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ઑપરેશન મુંબઈ : ૧૦.૩૦, ૧૨.૪૫, ૭.૩૦,૧૦.૧૫

સન ઑફ સરદાર : ૨.૩૦, ૫.૦૦

### ચિરાગ, કલોલ

સન ઑફ સરદાર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- ગાંધીનગર શહેર મોચી સમાજ, ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.
- અખિલ ગુજરાત ગઢવી ચારણ સમાજ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સાંજે ૪.૩૦ કલાકે.

### સામાજિક

- સમસ્ત પ્રજ્ઞા પરિવાર અભ્યુદય ટ્રસ્ટ, ગાંધીનગરના ઉપક્રમે સ્નેહમિલન કાર્યક્રમ સાંજે ૪.૦૦ કલાકે ટાઉનહોલની સામેની લોન ખાતે યોજાશે.
- શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા સ્નેહમિલન સમારંભ સવારે ૧૧.૩૦ કલાકે, નગરપાલિકા પરિષદ ભવન, બહુમાળી ભવનની પાછળ, સેકટર-૧૧ ખાતે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ,ગાંધીનગર સેકટર-૨૩ શાખા દ્વારા સ્નેહમિલન સમારંભ અને 'હશીખુશી કી શામ બ્રહ્મસમાજ કે નામ' ડાયરો સાંજે ૪.૩૦ કલાકે, મૅડિકલ ફાર્મા કૉલેજ, હૉલ કૅમ્પસ ગેટ નં.-૧, ખાતે યોજાશે.
- શ્રી બાજખેડાવાળ સમાજ, બાજખેડાવાળ મિત્ર મંડળ, મહિલા મંડળ અને યુવા મંડળ, ગાંધીનગર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ બપોરે ૩.૦૦ કલાકે, સરિતા ઉદ્યાન, ગાંધીનગર ખાતે યોજાશે.

## આપની આજ

**મેષ** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ.

**વૃષભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગી શકશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં આપનું મન પરોવાશે.

**કર્ક** : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી પ્રાપ્ત થઈ શકશે. શુભ કાર્યમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત મળી શકશે.

**સિંહ** : જ્ઞાન વૃદ્ધિ થવાનો યોગ બનશે.ઘણા દિવસથી અટવાયેલા રૂપિયા આપને આજે મળી શકે છે.

**કન્યા** : કૌટુંબિક ઉન્નતિ થઈ શકશે. કુટુંબીજનો અને મિત્રોના સહયોગથી સમસ્યાનું સમાધાન સંભવ છે.

**તુલા** : કાર્ય અને વ્યવસાયનાં ક્ષેત્રમાં વિભિન્ન અડચણોથી મન અશાંત રહેશે.

**વૃશ્ચિક** : સંતાનની પ્રગતિના સમાચારથી મન પ્રસન્ન રહેશે. મંગળ કાર્યોમાં ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

**ધન** : નોકરી- ધંધામાં મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે. પોતાના ક્રોધ પર કાબુ રાખવો. તમે આધ્યાત્મ તરફ પ્રેરાશો.

**મકર** : શુભ ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ ત્વરીત પ્રાપ્ત ન પણ મળી શકે.

**કુંભ** : તમારી વ્યવહાર કુશળતાથી વેપાર- વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત થશે. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : સ્નેહીજનથી મુલાકાત થઈ શકશે. કાર્યોમાં ઉન્નતિ થશે. સ્ફૂર્તિ અને જોશમાં વધારો જણાય. ધાર્મિક બાબતે રુચિ વધશે.

## ચિરવિદાય

- સ્વ. કાજલબેન ભીખાલાલ રાવળ (ઉ.વ. ૨૧) મુ.પો. સાંતેજ, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. મંજુલાબેન ભગવાનભાઈ અધેરા (ઉ.વ. ૬૫)૪૧૭, ગાયત્રીનગર, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. ચંદાબેન ગાંડાજી ઠાકોર (ઉ.વ. ૮૫) મુ.પો. કરશનપુરા ટીંટોડા, તા., જિ. ગાંધીનગર.